ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૬ ૧ જુલાઈ-૨૦૧૫ પાના-૮ લવાજમ વાર્ષિક - રૂ.૧૦૦/-

## રાજવાણી - જાણવું

પરમાર્થના કામમાં આવે તે જાણપણું. સમ્યકદર્શન સહિત જાણપણું હોય તે સમ્યક્જ્ઞાન. આ આત્મા પૂર્વે અનંતકાળ વ્યતીત કર્યે જાણ્યો નથી, તે ઉપરથી એમ લાગે છે કે તે જાણવાનું કાર્ય સર્વથી વિકટ છે; અથવા તો જાણવાના તથા રૂપ યોગો પરમ દુર્લભ છે. જીવ અનંતકાળથી એમ જાણ્યા કરે છે કે હું અમુકને જાણું છું, અમુકને નથી જાણતો એમ નથી, એમ છતાં જે રૂપે પોતે છે તે રૂપનું નિરંતર વિસ્મરણ ચાલ્યું આવે છે, એ વાત બહુ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે, અને તેનો ઉપાય પણ બહુ પ્રકારે યોગ્ય છે.

પ્રથમ જ્ઞાન અને પછી દયા (એમ અનુભવ કરીને) સર્વ સંયમી રહે. અજ્ઞાની (સંયમમાં) શું કરે કે જો તે કલ્યાણ કે પાપ જાણતો નથી? શ્રવણ કરીને કલ્યાણને જાણવું જોઈએ, પાપને જાણવું જોઈએ, બંનેને શ્રવણ કરીને જાણ્યા પછી જે શ્રેય હોય તે સમાચરવું જોઈએ.

મેરુ આદિનું વર્ણન જાણી તેની કલ્પના, ફિકર કરે, જાણે મેરુનો કંટ્રાકટના લેવો હોય? જાણવાનું તો મમતા મૂકવા માટે છે.

ઝેરને જાણે તે ન પીએ. ઝેર જાણીને પીએ તો તે અજ્ઞાન છે. માટે જાણીને મૂકવા માટે જાણપણું કહ્યું છે.

જે દૃઢ નિશ્ચય કરે કે ગમે તેમ કરું, ઝેર પીઉં, પર્વત પરથી પડું, કુવામાં પડું પણ કલ્યાણ થાય તે જ કરું એનું જાણપણું સાચું. તે જ કરવાનો કામી કહેવાય. જગતનું વર્ણન કરતા, અજ્ઞાનથી અનંતવાર જીવ ત્યાં જન્મી આવ્યો તે અજ્ઞાન મૂકવા માટે જ્ઞાનીએ એ વાણી કહી છે. પણ જગતના વર્ણનમાં જ બાઝી પડે એનું કલ્યાણ કેવી રીતે થાય! તે તો અજાણપણું જ કહેવાય. જે જાણીને અજ્ઞાનને મૂકવાનો ઉપાય કરે તે જાણપણું.

નવપૂર્વ તો અભવી પણ જાણે. પણ સમ્યકદર્શન વિના તે સૂત્ર અજ્ઞાન કહ્યું છે. સમ્યક્ત્વ (આત્મ સાક્ષાત્કાર) હોયને શાસ્ત્રના માત્ર બે શબ્દ જાણે તો પણ મોક્ષના કામમાં આવે. મોક્ષના કામમાં જે જ્ઞાન ન આવે તે અજ્ઞાન.- **શ્રીમદ્ રાજચંદ્ર**

ખેમા નામની બંગાલની બાઉલ સાધિકા કહે છે કે.

**''આપણે વરસોના વરસો સુધી ગુરુના સ્થૂળ અંશોને ઉપાસીએ તો પણ જ્યાં સુધી તેમના ચિન્મય અંશનું દર્શન કર્યુ નથી, ત્યાં સુધી કોઈ સદભાવ, શ્રધ્ધા કે પ્રજ્ઞા ખીલવાનો સંભવ નથી.''**

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર

## શ્રી રમણ મહર્ષિનો ઉપદેશ

**પ્રશ્ન : ભગવાન ફરતા રહીને બધા લોકોને ઉપદેશ કેમ આપતા નથી ?**

ઉ : તમે કેવી રીતે જાણ્યું કે હું એમ નથી કરતો ? મંચ ઉપર ઉભા રહી લોકો સમક્ષ મોટેથી પ્રવચન કરતા ફરવું ઉપદેશ છે ? ઉપદેશ જ્ઞાનનું સીધુ સંક્રમણ છે. વસ્તુતઃ જ્ઞાનોપદેશ મૌનથી જ આપી શકાય છે. તમે એ માણસ વિષે શું વિચારો છો, જે એક કલાક સુધી પ્રવચન સાંભળીને પ્રભાવિત થયા વિના ચાલ્યો જાય છે અને એના જીવનમાં કંઈ પરિવર્તન થતું નથી. એની તુલના એવા બીજા માણસ સાથે કરો, જે પવિત્ર સંત પાસે બેસે છે અને થોડીવાર પછી પોતાની જીવન દૃષ્ટિમાં પૂર્ણ પરિવર્તન સાથે પાછો ફરે છે. આ બેમાં સારું શું, મોટેથી પ્રભાવ શૂન્ય પ્રવચનો કરવા કે મૌન બેસીને આંતરિક શક્તિ ફેલાવવી ?

બીજુ વાણી શી રીતે ઉત્પન્ન થાય છે ? પહેલા અમૂર્ત જ્ઞાન છે, એમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે, જેમાંથી વિચાર જન્મે છે અને વિચારથી મૌખિક શબ્દ ઉત્પન્ન થાય છે. આ રીતે શબ્દ મૂળ સ્ત્રોતનો પ્રયોગ છે. જો શબ્દ અસર કરતો હોય તો તમે જ નિર્ણય કરો કે મૌન ઉપદેશ કેટલો પ્રબળ હોવો જોઈએ ?

**પ્ર : મૌન આટલું બધું પ્રભાવશાળી શી રીતે હોઈ શકે ?**

ઉ : સિધ્ધ પુરુષ અધ્યાત્મિક પ્રભાવના તરંગો ફેલાવે છે, જે ઘણા માણસોને એની તરફ ખેંચે છે. ભલે એ ગુફામાં મૌન બનીને બેઠો હોય, એનો પ્રભાવ અમોઘ હોય છે. આપણે સત્ય પર પ્રવચન સાંભળીને વિષયને સમજ્યા વિના જ પાછા આવીએ છીએ, પરંતુ કોઈ આત્મનિષ્ઠ મહાત્માના સંપર્કમાં આવવાથી ભલે એ કંઈ ન કહે, આપણને સત્ય વિશે ઘણી વધારે સમજાણ પ્રાપ્ત થાય છે. એણે લોકો વચ્ચે જવાની જરાય જરૂર નથી, આવશ્યકતા ઊભી થતા એ બીનાને નિમિત બનાવી શકે છે.

સદ્ગુરૂ મૌન અવસ્થાના પ્રદાતા છે; જેમાં આત્મજ્ઞાનનો પ્રકાશ શેષ સત્યના રૂપમાં નિરંતર પ્રગટ થતો રહે છે. જો સદ્ગુરૂની દ્રષ્ટિ શિષ્યની નજરથી મળે તો મૌખિક વ્યવહાર તદ્દન બિન જરૂરી છે... **શ્રી રમણ મહર્ષિ**

**જ્યાં સુધી માનવી અંતર્મુખી નહીં બને, ઉપશમ અને મૈત્રીની શક્તિ નહી કેળવે ત્યાં સુધી વિજ્ઞાનનું બળ બાળકના હાથમાંની કાતિલ છરિ જેવું જ ભયંકર રહેવાનું...... સુશીલ**

# પ્રભુ, મને એક એવો પુત્ર આપો

પ્રભુ, મને એક એવો પુત્ર આપો, જે પોતાની દુર્બળતાને જાણે એટલો બળવાન હોય, અને ભયભીત થાય ત્યારે પોતાનો સામનો કરી શકે એટલો પરાક્રમી હોય! સાચી હારમાં એ ગૌરવ અનુભવે અને સ્થિરચિત્ત બની રહે. વિજયમાં એ વિનમ્ર અને સુશીલ બને. પ્રભુ, મારા પુત્રને એવો બનાવજો કે જ્યારે એના સામર્થ્યની જરૂર હોય ત્યારે એ સ્વાર્થ ન સાધે; મારો પુત્ર તમને જાણે, અને એને એ વાતની પ્રતીતિ થાય કે, પૂર્ણ જ્ઞાન સુધી લઈ જતી સીડીનું પહેલું સોપાન તે પોતાની જાતનું જ્ઞાન છે.

હે ભગવાન્, આરામ અને અનુકૂળતાનાં ફૂલો પથરાયાં હોય, એવા રસ્તે એને ન મોકલતા, એને પડકાર, સંઘર્ષ અને કઠીનાઈના કંટકો વાળા રસ્તે ચાલતાં શીખવજો.

એ રસ્તા પર આંધી ને તોફાન આવે ત્યારે એ સ્થિર રહેતાં શીખે, અને આ વાવાઝોડામાં જેઓ ધરાશાયી બન્યાં હોય એમના પ્રત્યે એની કરુણાનો સ્રોત વહે;

મારા પુત્રનું હૃદય સ્વચ્છ અને નિર્મળ હજો, પ્રભુ!
અને એનો ઉદ્દેશ મહાન હોજો.
બીજાઓ પર પ્રભુત્વ મેળવવાની આકાંક્ષા જાગે
એ પહેલાં એ પોતાના પર કાબૂ મેળવે.
એ દિલ ખોલીને હસતાં શીખે
અને એની આંખો ક્યારેક આંસુથી સજળ પણ બને;
એની દૃષ્ટિ ભવિષ્યની ઝાંખી કરી શકે
અને વીતેલા સમયને પણ જોઈ શકે.
મારી અંતિમ પ્રાર્થના એ છે, ઈશ્વર!
કે એને થોડી વિનોદવૃત્તિ પણ આપજો!
જેથી એ હમેશ ગંભીર બની રહી, પોતાની જાત તરફ અનુદાર ન બને;
એને વિવેકી બનાવજો,
જેથી એ સાચી મહત્તાની સરળતાને,
બુદ્ધિમત્તાના ઔદાર્યને જાણી શકે.
આમ જો બનશે, તો મારી વાણી
કૃતજ્ઞ થઈ ધીમા સ્વરે કહેશે: 'મારું જીવન એળે નથી ગયું.'

**(લેખિકા: કુંદનિકા કાપડીઆ, 'પરમ સમીપે' નામે અદ્વિતીય ગ્રંથમાંથી, સાભાર)**

## આ અંકમાં


| | | |
|---|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર | -રમણ મહર્ષિ વાણી | ૧ |
| કુંદનિકાબેન કાપડિયા | -પ્રભુ મને એક પુત્ર આપો | ૨ |
| મહાદેવ દેસાઈ | -ડાયરી. | ૨ |
| તંત્રીસ્થાનેથી | -મહાજન ગૌશાળા-દીકરીને ઈનામ | ૩ |
| તંત્રી | -સેવા પરમ ગહન ધર્મ છે. | ૪ |
| ચીનુભાઈ પટેલ | - સજીવ ખેતીનું તત્વજ્ઞાન | ૫ |
| યોગદિન-કવિતા-વ્રજકોટમાં છીંદું | | ૬ |
| મહેશ ભટ્ટ | -પત્રપ્રસાદી-લવાજમ | ૭ |
| કિરીટ વી. મહેતા | - ચમત્કાર | ૮ |


# મહાદેવભાઈ દેસાઈની ડાયરી ભા.પમો

જે વખતે સત્ય અને અહિંસા પ્રગટ થાય છે ત્યારે તેની ગતિ એટલી બધી તીવ્ર હોય છે કે તેને કરોડોમાં પણ વ્યાપક થતા વખત જતો નથી. સત્યાગ્રહમાં અંતરના ઊંડા નાદો જેટલે દૂર સંભળાય છે તેટલે દૂર સામાન્ય અવાજ પહોંચી જ શકતો નથી. સામાન્ય હિલચાલમાં મોટા પોકારો કરીને જે વસ્તુ મેળવવાની આપણે આશા રાખીએ છીએ તે વસ્તુ સત્યાગ્રહની હિલચાલમાં આપણે ઘણી વેળા કેવળ ચુપકીથી જ મેળવી શકીએ છીએ. સત્યાગ્રહી બહારના ભયથી કશું કરતો નથી. એ માત્ર ઈશ્વરનો જ ડર રાખે છે. સત્યાગ્રહી પોતાના કર્તવ્યનું જેમ વધારે પાલન કરતો થાય તેમ તે વિજયને વધુ નજીક લાવે છે. સત્યાગ્રહી પોતાના વિરોધી પ્રત્યે દુર્બુધ્ધિ અથવા તો ધ્વેષ ભાવ સેવીને અથવા વધારીને પોતાના ધ્યેયે પહોંચવાની કદી ઈચ્છા કરતો નથી. એ તો પોતાના વિરોધીને પણ મિત્ર ગણે છે. તેના પ્રત્યે ધ્વેષ રાખ્યા વિના તેણે કરેલાં અપકૃત્યોનો વિરોધ કરે છે. સત્યાગ્રહીના વર્તન ઉપર બહારના ભયની કશી અસર થતી નથી. એ તો અંતરના અવાજથી જ દોરાય છે. અમુક કૃત્ય ન્યાયી છે કે નહીં એનો નિર્ણય કરવાનો પ્રશ્ન આવે ત્યાં અંતરાત્માના અવાજથી નિમંત્રિત થયેલી બુધ્ધિ સિવાય બીજુ કશું સાધન નથી. પા.૫૬૩-૫૭૧

'એવી એક અનિર્વચનીય રહસ્યમય શક્તિ છે, જે સર્વત્ર વ્યાપેલી છે. હું એને જોઈ શકતો નથી. જો કે એનો અનુભવ મને થાય છે. આ અદ્રશ્ય શક્તિનો અનુભવ થાય છ. પણ એને સાબિત કરી શકાતી નથી, કારણ મારી ઈંદ્રિયો દ્વારા જે બધી વસ્તુઓને હું જાણું છું તે બધી કરતાં તે તદન જુદી જાતની છે. એ ઈન્દ્રિયાતીત છે. પણ અમુક મર્યાદિત અંશે ઈશ્વરનું અસ્તિત્વ તર્કથી દર્શાવી શકાય એમ છે.

મને ઝાંખુ ઝાંખુ એમ લાગ્યાં જ કરે છે કે મારી આસપાસની બધી વસ્તુઓ સદા પરિવર્તનશીલ અને મર્ત્ય છે, તેમ છતાં એ પરિવર્તનના મૂળમાં એક જીવંત શક્તિ રહેલી છે જે પોતે નિર્વિકાર છે, બધાનું ધારણ કરે છે, સર્જન કરે છે, પ્રલય કરે છે અને ફરી સર્જન કરે છે. એ સર્વ અંતરયામી શક્તિ એ જ ઈશ્વર. અને હું મારી ઈન્દ્રિયો મારફતે જે કંઈ જોઉં છું તે બધું શાશ્વત ટકી રહી શકે એમ નથી કે ટકી રહેવાનું નથી. એટલે એક માત્ર ઈશ્વર જ છે. અને આ શક્તિ કલ્યાણકારક છે કે, અકલ્યાણકારક હું એને તો કેવળ કલ્યાણકાર રૂપે જ જોઉં છું, કારણ કે હું જોઈ શકું છું કે મૃત્યુની વચ્ચે જીવન ટકી રહે છે, અસત્ય વચ્ચે સત્યનો જ જય થાય છે, અંધકાર વચ્ચે પ્રકાશ વિજયી નીવડે છે. એટલે હું એવો સાર કાઢું છું કે ઈશ્વર જ જીવન છે, સત્ય છે, પ્રકાશ છે. એ જ પ્રેમ છે. એ જ પરમ કલ્યાણ છે.' ગાંધીજી ''જાગી ઊઠેલો એક માણસ દુનિયાને જગાડે એને વિચારક્રાંતિ કહેવામાં આવે છે.'' ગાંધીજી કહે છે, ''દ્રઢ મનોબળ અને જીવંત મિજાજ ધરાવનારા મનુષ્યોનું નાનકડું જૂથ, કદી શાંત ન પડે એવી શ્રધ્ધાના તણખા સાથે મંડી પડે ત્યારે ઈતિહાસની દિશા બદલી શકે છે.''- **ડો. ગુણવંત શાહ. (શાશ્વત ગાંધી-માર્ચ ૨૦૧૨ માંથી સાભાર)**

**અહિંસાની સામે હિંસા બુઠ્ઠી પડે. ખરા સત્યાગ્રહી સામે દુશ્મન પણ લાચાર બને. એને ગાળો દો તો એ આશીર્વાદ આપે; મારો તો હસતે મોંએ માર ખાય; જેલમાં પૂરો તો એ જવા તૈયાર; મારી નાખો તો શહીદ બને. આવા માણસને હિંસા શું કરી શકે? -ઈશુ ખ્રિસ્ત**

## તંત્રી સ્થાનેથી

'ગો સેવા મિત્ર મંડળ' કાંદિવલી, મુંબઈ ત્રીસેક વરસોથી ગોસેવાના કાર્યો તન-મન ધનથી કરી રહ્યા છે દર રવિવારે ચુની, ગોળ, ભૂંસુ, મેથી, અજમો, ધાણા વિ. ટેમ્પોમાં ભરી ૧૦/૧૨ સેવકો મુંબઈ નજીકની ગૌશાળાઓમાં જાતે લાપસી બનાવી ૩૦૦૦ પશુઓને ખવરાવે છે. શરૂમાં દસેક હજારનો દર રવિવારનો ખર્ચ થતો. આજે ૪૦ થી ૪૫ હજારનો ખર્ચ દર રવિવારનો આવે છે. અમે ઘણીવાર જાતે આ કાર્યમાં સહભાગી થઈ નજરે આ બધું જોયેલ છે.

આ ગોસેવા મિત્ર મંડળ ગુજરાતમાં સજીવ ખેતી-ગૌશાળાઓ-સેમિનારો-ગોસંવર્ધન વિ. કાર્યોમાં પણ ખૂબ મદદ કરે છે. સંસ્થા પાસે કોઈ કાયમી ભંડોળ નથી, નિસ્વાર્થ ભાવથી સહુ સેવા કરી રહ્યા છે, પણ દાતાઓના સુંદર સહકારથી આ પ્રવૃત્તિ ચાલી રહી છે.

આ સંસ્થાને હમણા મથુરા વૃંદાવનની એક શ્રીકૃષ્ણ ગૌશાળા આવેલ છે તેની અત્યંત દયનીય સ્થિતિની જાણકારી મળેલ છે.

મથુરા વૃંદાવનના રસ્તે હાથરસ નામના ગામ પાસે આ શ્રીકૃષ્ણ ગૌશાળા આવેલ છે. એને એક સન્યાસી ચલાવતા હતા અને હમણા બે એક મહિના પહેલા તેમનું અવસાન થયેલ છે. આ ગૌશાળામાં ૪૫૦ ગોવંશ હતા તેમાંથી અત્યારે ૨૯૦ બચ્યા છે અને તેમાંથી પણ રોજ એક બે ઓછા થતા જાય છે.

આવી સ્થિતિ જાણી આ મુંબઈના મંડળે તુરંત દોઢેક લાખની રકમ ભેગી કરી બે ગોપ્રેમીને -ગોસેવકોને ત્યાં મોકલ્યા છે. ઘણા મહિનાથી બે માણસોનો પગાર નહોતો થયો તેમને જ નિયમિત પગાર આપી કામ શરૂ કર્યું છે. રોજનો રૂા.૧૫૦૦૦/- નો ખર્ચ છે જે નિભાવવાની આ મંડળની શક્તિ નથી.

૨૨ જુનના સંસ્થાના મુખ્ય બે કાર્યકર્તા મથુરા વૃંદાવનમાં કોઈ વૈષ્ણવ ગૌશાળામાં વ્યવસ્થા-ગોઠવણ થાય તો કરવા ગયા છે. જમીનની કિંમત લાખોની છે, પણ એનું તો જે થવું હશે તે થશે પણ આ બચેલા પશુઓને શક્ય તેટલી રાહત મળે એમ વિચારેલ છે. એવું કરવામાં પણ બે/ચાર મહિના તો થશે જ પણ ત્યાં સુધી આ પશુઓને બચાવી લેવા એ આપણું તુરંતનું કર્તવ્ય બની જાય છે.

આ મંડળ ખૂબ સરસ કામ કરે છે. આપની પૂરેપુરી રકમ યોગ્ય માર્ગે જ વપરાશે અને સાચી જીવદયાનું આ કામ છે. તો આપ સહુ આપનો ફાળો ઉદાદદિલથી આ મિત્રોને મોકલશો એ જ હૃદયપૂર્વકની વિનંતિ છે. વૈષ્ણવ મિત્રોને ખાસ વિનંતિ છે આપના કોઈ ઓળખીતા સંત મહંત ગોસાઈજી મથુરા વૃંદાવનમાં હોય તો એમને ખાસ વિનંતિ કરજો કે આ ગૌશાળાનો વહીવટ સંભાળી લે અથવા આ પશુઓને પોતાની ગૌશાળામાં સાચવી લે. કાયમી વ્યવસ્થા મુંબઈથી કરવી એ શક્ય પણ નથી અને શક્તિ પણ નથી. મુંબઈના દાતાઓ આ સેવાની તક ઝડપીને યોગ્ય ન્યાય આપશે એ જ શ્રધ્ધા છે, વિશ્વાસ છે.

આપનો ચેક/ડ્રાફ્ટ ''માનવ જ્યોત'' ના નામે નીચેના સરનામે મોકલી આપવા વિનંતિ છે. સંસ્થા પાસે ૮૦જી સરટીફીકેટ છે. વધુ માહિતી માટે **સંપર્ક : યોગેશભાઈ, મો.નં.9321789291, શૈલેશભાઈ, મો.નં. 9322249303 ગોસેવા મિત્ર મંડળ**

**ચેક મોકલવાનું સરનામું - ગો સેવા મિત્ર મંડળ,** C/o. શ્રી રાધે, ૯, સુપર શોપીંગ સેન્ટર, સ્ટેશન પાસે, સીમલા સ્ટુડિઓ સામે, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ०६७.

## મહાજન ગૌશાળા-ભાવનગર

આ સંસ્થામાં ગોમૂત્ર અર્ક બનાવી સમાજની સેવા કરવામાં આવે છે. મુખ્ય સુચના દરદીઓને એ આપતા હોય છે કે અર્ક તાજો જ (૩૦ દિવસ સુધીનો જ પીવો). કાચની બોટલમાં જ અર્ક ભરીને રાખવો. માલીસ માટે ૩-૪ મહિના જુનો અર્ક વાપરવામાં ચાલી શકે છે. હજારો વ્યક્તિઓને આથી લાભ થયો છે. મૌખિક ખ્યાતી જ આજે એટલી બધી થઈ ગઈ છે કે રોજેરોજનો અર્ક લગભગ વેચાઈ જાય છે. આ ખ્યાતીથી જ આ ગૌશાળા વરસોથી પગભર થયેલ છે.

મુંબઈમાં શાંતીલાલભાઈ ગાલાએ આ સેવા કરવા તૈયારી બતાવેલ છે. તેથી હવે મુંબઈમાં જ આ અર્ક મળી શકશે. સૌ પ્રથમ તો એના લાભ શાંતીલાલભાઈને જ થઈ ગયો છે. તેમને દમમાં રાહત થઈ છે. પેસાબની તકલીફમાં પણ રાહત થઈ છે. થોડી ચાલવામાં તકલીફ થતી હતી. તેમાં પણ રાહત થઈ છે. આ છે અર્કનો ચમત્કાર. અર્કની સાથે જ ક્યા દર્દમાં કેમ અર્ક વાપરવો એનું માહિતી પત્રક આપવામાં આવે છે.

અર્ક મેળવવાનું સરનામું.

શાંતીલાલ ગાલા, શીતલ એપાર્ટમેન્ટ, ૭મો ગોલીબાર સબવે રોડ, ગોવિંદધામ મંદિર સામે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૫. ટે.નં. 26140335 - મો.નં.9869121860

## દીકરી જન્મે તો ઈનામ

એક તરફ સ્રીભૂણ હત્યા થઈ રહી છે. મોહનભાઈ પટેલ (Ex. Sheriff of Bombay) જે કાર્ય કરી રહ્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે જ. પરંતુ તેમની પ્રવૃત્તિનું અનુકરણ શક્તિશાળી વ્યક્તિઓ કરે તો તે દિશામાં ઉત્તમ કાર્ય થયું ગણાય.

તેઓ ઉત્તરસંડાની હોસ્પીટલમાં દરરોજ જે દીકરી જન્મે તેને રૂા.૧૦૦૦/- નું ઈનામ આપે છે. અને ૧લી ઑગસ્ટે જે મોહનભાઈનો જન્મદિન છે તે દિવસે દીકરી જન્મે તેને રૂા.૫૦૦૦/- નું ઈનામ આપે છે. તેઓ આ પ્રવૃત્તિ સને ૨૦૦૮ થી કરે છે. અત્યાર સુધીમાં આ ઈનામ મેળવવા ૪૦૪૧ દીકરીઓ ભાગ્યશાળી બની છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂા.૪૯ લાખનો ખર્ચ થયો છે!

**ઈન્દ્રવદન જે. ઝવેરી, તા.૨૫.૯.૨૦૧૩, અંધેરી...**

**ચેત અઘોરી ચેત તું, હજુ ઊંઘે છે કેમ ?**
**દુર્લભ જીવન છૂટશે, બંદુક ગોળી જેમ.**
**ઘાણી કેરો બેલ તું, થાકે કાઢી તેલ**
**મેલ હવે તો મેલ, આ લખચોરાશી ખેલ.**

**... પ્રજ્ઞાચક્ષુ, મનુભાઈ દોશી, અમદાવાદ**

આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય
રણછોડભાઈ પટેલ
પો. આસ્થા - તા.કામરેજ, જિ. સુરત-૩૯૩૪૨૦
તરફથી મળેલ છે, જેનો હર્ષ તથા આભારની
લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

# સેવા પરમ ગહન ધર્મ છે.

આપનો ડો. બાલાજી તાંબે નો 'આધ્યાત્મિક ખોજ' લેખ આજે મળ્યો.

સેવા વગર શુધ્ધિ નથી. આધ્યાત્મિક જીવનમાં સેવા એક મોટું પરિબળ છે, બેરોમીટર છે, એટલું તો સ્વીકારવું જોઈએ. પણ સંતોએ કહ્યું છે, ''સેવા એ પરમ ગહન ધર્મ છે.'' આ અંગે પણ ગંભીરતાથી વિચારવું રહ્યું કે સંતો શું કહેવા માંગે છે, આનો શું અર્થ છે ? સાધના અને અનુભવ પછી અમને જે સમજાય છે તેનો અર્થ કંઈક આવો છે.

ગુરૂ નહિ સદ્‌ગુરુ, ધર્મ નહિ સદ્‌ધર્મ, એમ સેવા નહી સત્‌ સેવા જોઈએ, સત્‌ સેવા ત્રણ રીતે થાય. આત્મજ્ઞાનીની આજ્ઞા મુજબ થાય, આત્મજ્ઞાનીની નિશ્રામાં થાય અને અંતરસ્થ ગુરૂ જેણે સ્વીકાર્યા છે તે પોતાના અંતર અવાજ મુજબ જે કહે તે, આ ત્રણે સત્‌ સેવામાં આવી શકે. આ ત્રણે શુધ્ધિ અને પુણ્યનું કાર્ય બને, અન્ય જે પણ સેવા થાય છે તે પુણ્યનું કારણ બને અને સમજ ન હોય તો બંધનું કારણ બને છે. જેમકે એક ડોક્ટર નિસ્વાર્થ ભાવે ખરેખર કોઈ હોસ્પિટલમાં સેવા આપે છે, પણ ત્યાં ગર્ભપાત થતા હોય કે ગર્ભપાત એ ડોક્ટરની સેવાનો ભાગ હોય તો તે નિશ્ચિત બંધનું કારણ જ બને. એટલે સેવા ક્ષેત્રમાં પડતા પહેલા બહુ ગંભીરતાથી વિચારણા થવી જરૂરી છે.

આપણે ત્યાં શબ્દો છે, સ્વપર હિત, નિજપર હિત, સ્વપર પ્રકાશક, અનુભવે એક વાત સ્પષ્ટ સમજાય છે કે આત્મ અનુભવ વગર સાચી સેવા, સાચુ કાર્ય શક્ય જ નથી. હા, જીવ જાગ્રત હોય તો પડતો, આખડતો, ભૂલ કરતાં કરતાં આગળ વધી શકે છે એમાં ના નથી. પ્રથમ જ્ઞાન પછી દયા, પહેલા સ્વનું કલ્યાણ પછી પરનું કલ્યાણ-પરની સેવા, આ જો કે જ્ઞાન માર્ગ છે. બાકી તો મોટા ભાગનાએ કર્મયોગ મારફત, સેવાના ક્ષેત્રમાં પ્રથમ પગલું મુકીને જ આગળ વધવાનું રહે છે. એટલે સેવાના ક્ષેત્રમાં વ્યક્તિએ અત્યંત જાગ્રત રહેવું જરૂરી થઈ પડે છે. એટલી સ્પષ્ટતા વ્યક્તિમાં જરૂરી બની જાય છે કે, ''હું કોઈની સેવા કરતો નથી, કરી શકતો નથી, જે સેવા થાય છે એ મારા હિત-મારા સ્વાર્થ માટે જ થાય છે.'' જો આટલી સ્પષ્ટતા સાથે સેવાક્ષેત્રમાં રહેવાય તો જરૂર આગળનો માર્ગ મળતો જાય છે. નિસર્ગનો એ નિયમ છે કે આવી સત્‌ સેવા ક્યાંક સત્પુરુષનો, આત્મજ્ઞાનીનો ભેટો કરાવી દે છે. ''કશું જ ન કરવું'' એ સત્‌ સેવાનું ટોચનું શિખર છે!!

એકાંત, મૌન, નિવૃત્તિ, અસંગતા, જંગલ, ગુફા, વનવાસ આ બધા સાધનો આધ્યાત્મિક ઉન્નતિના એક અંશે ઉમદા સાધનો છે. સેવાને જેટલું મહત્વ આપીએ છીએ એટલું જ મહત્વ આ સાધનોનું પણ છે. કેમકે આ સાધનો દ્વારા જ સાચી કે ખોટી સેવાના ભેદનો ખ્યાલ આવે છે. જીવમાં અહંકાર વધે છે કે ઘટે છે એની સાચી પરખ આવે છે. સાચા સદ્‌ગુરુની ઓળખાણ થવી, એવી દ્રષ્ટિ આવવી, એના જેવી મોટી એક પણ સેવા નથી. સેવા આ લક્ષે કરવાની છે. એવા લક્ષે આ સાધનો છે.

મોટા ભાગના સાધકો કોઈ ને કોઈ કહેવાતા 'આત્મજ્ઞાની', 'સંત' કે 'સદગુરુ' ના પ્રભાવમાં હોય છે, તેની પોતાની કોઈ ઓળખ કે પરખ હોતી નથી. એક ગાડરિયા પ્રવાહમાં સાધક તણાતો રહે છે. 'પ્રભાવ' રહિત કોઈને જોવું, ઓળખવું એ જીવની બહુ મોટી પોતાની સેવા છે. આત્મજ્ઞાની કે આત્મજ્ઞાનીની નિશ્રામાં જે સેવા થાય છે એ અદભૂત હોય છે. એ પરિગ્રહની તડખડમાં ભાગ્યે જ પડે છે. એમનું આત્મબળ એ જ એમનું 'આત્મધન' છે જે ધન આગળ બાકી સર્વ સંપતિ-ધન ધૂળ સમાન છે. આત્મબળ વડે જ એ સેવા કરે છે, દાન કરે છે. એ દાનમાં ધનનું કદાચ સ્થાન ન પણ હોય છતાં એ આત્મબળ વડે એ વ્યક્તિનો, સમાજનો, દેશનો, વિશ્વનો, આંતરબાહ્ય વિકાસ કરે છે. સાચો વિકાસ કરે છે.

વિનોબા કહે છે એમ "Act locally, Think globly" આમ નાની પણ નક્કર સત્‌ સેવા કરીએ સ્વામી આનંદ કહે છે, **'કોઈપણ માણસનું જીવન પછી તે ગમે તેટલું સેવા પરાયણ હોય એટલું બધું વ્યવસાયી બની જાય કે તેને વિચાર કરવાનો કે અંતરમુખ બનીને પોતાના વિશે કે પોતાની આસપાસની સ્થિતિ પરત્વે ચિંતવન કરવાનો સમય જ ન મળે એના કરતા વધુ મોટી વિપદ હું કલ્પી શકતો નથી.'** સાધકે આવી વિપદથી બચતા રહીને સેવા કરતી રહેવી જોઈએ.

કોઈપણ સ્થાન, પરિસર, સંસ્થા, સેવા, આશ્રમ એ સંતોના સંગમાં હોય તો એ સત્સંગ છે, સત્‌ સેવા છે. ઝડપી આધ્યાત્મિક ઉન્નતિનું સાધન છે. અન્યથા એ સર્વમાં ઉપર કહેલ તે વિપદની પુરેપુરી સંભાવના છે. ''બાબુજી ધીરે ચલના, પ્યારમેં (અધ્યાત્મમેં) જરા સંભલના, બડે ધોખે હૈ ઈસ રાહમેં.'' બાકી અધ્યાત્મમાં ઝડપી કે ધીમું એવું કશું જ છે નહિ. કોઈને બેઠા બેઠા કેવળજ્ઞાન અરીસાભુવનમાં (ભરત ચક્રવર્તીને) થઈ જાય છે અને કોઈને અનંત જન્મો જાય છે. સર્વ જીવના ઉપાદાન અને પુરુષાર્થને આધીન છે. છેવટે સદગુરુ પણ એક નિમિત છે. જો કે અહિ ૯૯% પુરુષાર્થને એક ટકો ઈશકૃપા છે. પણ એ ૧% એક ટકા સદગુરુ કૃપા વગર ૯૯% પુરુષાર્થ પણ ક્યારેક નિષ્ફળ જાય છે. એવું પરમ માહાત્મ્ય સદગુરુ કે ઈશકૃપાનું છે, એ ક્યારેય એ ભૂલવા જેવું નથી.

આમ જુઓ તો નરસિંહ, મીરા, કબીર કે અન્ય સંતોએ સમાજની શું સેવા કરી છે ? માત્ર ગીતો ગાયા છે, નાંચ્યા છે, અને પોતાના જીવન દ્વારા જ એક સંદેશ આપ્યો છે, અને એ ચિરસ્મરણીય સત્‌ સેવા બની ગઈ. ચિરંજીવ બની ગયા એ નામ, કયું તત્વ એમાં કામ કરી ગયું કે એ સત્‌સેવા બની ગઈ. આ વિચારીએ.

રમણ મહર્ષિ કહેતા ''જે ગાંધીજી કરી રહ્યા છે એ જ હું કરી રહ્યો છું'' દેખાય નહી એ અલગ વાત છે. જ્ઞાનીનું આ પૃથ્વી પર હોવું, એનુ અસ્તિત્વ એ જ જગતની સૌથી મોટી સત્‌ સેવા છે. મહાયોગી આનંદઘનજીના પુસ્તકમાં એક વાક્ય છે. ''યોગી એટલે સ્થળ, કાળ અને પરમાણું ઉપરનું પ્રભુત્વ. તે માત્ર સંકલ્પ કરે અને દુનિયાનો પ્રવાહ ધાર્યો વળાંક લે.'' આ છે આત્મજ્ઞાનીનું માહાત્મ્ય. આ છે એમની સતસેવા સેવા જરૂર કરીએ, કરવી જોઈએ પણ આવા જ્ઞાનીનો મેળાપ થવા અર્થે સેવા કરીએ એ જ ભાવના. **(૨૦૦૭ ચાર્તુમાસમાં નર્મદા તટેથી તા.૬.૧૦.૦૭ ના એક મિત્રને લખેલ પત્ર.)- તંત્રી**

## જીવનમંત્ર પ્રાર્થના

જીવન મંત્ર જીવનમ્, રસિકમ્ જીવનમ્
શક્તિદાતા પાવનકારી, પ્રેમ સ્વરૂપા હરિ.......
જ્ઞાન વિજ્ઞાન જ્ઞાતા, ચિત ચૈતન્ય રૂપા,
આનંદલોક ભયો અરૂપા.

**શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ ''પ્રયાસ'' માંગરોલ**

## મારી ફર્ટીલાઈઝરની શોધ અને સિધ્ધાંત ખોટો હતો

### ફર્ટીલાઈઝરના શોધક જર્મન વૈજ્ઞાનિક

### શ્રી જસ્ટન લીબીગે

''ભગવાન મને માફ કરે મેં ફર્ટીલાઈઝરની શોધ કરીને બહુ મોટું પાપ કર્યું છે.

મારો કેમિકલ ફર્ટીલાઈઝરનો સિધ્ધાંત, થીયરી અને શોધ તદ્દન ખોટી હતી. તેના કારણે જમીનમાં રહેલા કરોડો બેકટેરીયા અને અર્થવૉર્મ (અળસીયા) જેવા જીવો મરી જાય છે. તેમની હત્યા થઈ જાય છે. જમીન નિર્જીવ (ડેડ) બની જાય છે. ફર્ટીલાઈઝરો ગરમ હોવાથી જમીનનો ભેજ ખતમ થઈ જાય છે. પાકોને નુકશાન થાય છે. સેંન્દ્રિય તત્ત્વોનો નાશ થાય છે.

ફર્ટીલાઈઝરથી ઉત્પન્ન અન્ન, ફળો વગેરે ખાવાથી મનુષ્યોમાં રોગો અને મૃત્યુનું પ્રમાણ વધ્યુ છે. તેના કારણે પાકોમાં પણ જીવાતો અને રોગોનું પ્રમાણ વધ્યું છે.

મારી શોધના વિનાશક અને ભયાનક પરિણામો જોયા પછી મને ખૂબ જ પસ્તાવો અને દુઃખ થઈ રહ્યું છે.

હું સમગ્ર માનવ જાતિનો, કુદરત અને ભગવાનનો ગુનેગાર છું.''

## ।।ભારતની પ્રાચીન કૃષિ, વૈજ્ઞાનિક અને સર્વશ્રેષ્ઠ હતી।।

### શ્રી સર આલબર્ટ હાવર્ડ (કૃષિ વૈજ્ઞાનિક બ્રિટન)

૧૯૦૪માં લગાતાર છ વર્ષો સુધી ભારતમાં રહી ભારતની પરંપરાગત દેશી ખેતીનો અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી તેમણે લેખિતમાં અભિપ્રાય આપ્યો છે કે

### ''ભારતના પાકો ગજબના રોગ મુક્ત હતા''

પરંપરાગત ભારતીય કૃષિ પધ્ધતિમાં જંતુનાશકો જેવી કોઈ જ વસ્તુ હતી જ નહિ.

મારા મત અને અભિપ્રાય મુજબ મને લાગ્યું છે કે એજ પાકોને રોગો લાગુ પડે છે કે જેની માટી (જમીન) બિમાર હોય છે.

છાણ, મૂત્ર અને વનસ્પતિના ખાતરોથી ભારતની જમીન ફળદ્રુપ અને તંદુરસ્ત રહેતી તેથી પાકોમાં (વનસ્પતિ)માં જીવાતો કે કોઈ રોગો થતા જ નહિ. ભારતની ખેતીનું આ ગુપ્ત રહસ્ય છે.

તેમણે પોતાના ''એગ્રિકલ્ચર ટેસ્ટામેન્ટ'' નામના પુસ્તકમાં લખ્યું છે કે કેમીકલ ફર્ટીલાઈઝરો અને ઝેરી પેસ્ટીસાઈડથી જમીનો ઝેર યુકત બની જાય છે. તેના ઝેરથી જમીનમાં રહેલા સુક્ષ્મ બેક્ટેરીયા મરી જાય છે. જમીનો મૃતપ્રાય બની જાય છે.

ભારતના ખેડૂતો મારા ગુરુ છે. તેમની પાસે કુદરતી ખેતીનું અદ્ભૂત જ્ઞાન અને સમજણ છે. તેઓ જીવતી જાગતી યુનીવર્સીટીઓ છે. વિશ્વના ખેડૂતો અને વૈજ્ઞાનિકોએ તેમનુ અનુકરણ કરવું જોઈએ.

---

**જીવનમાં સહુ પ્રથમ આંખો મીંચીને ભાનભૂલે છે.**
**પછી પોતાના હાથે ભૂલ પોતાની કબુલે છે.**
**સીકંદરનું એ અંતિમ દ્રશ્ય દર્શાવે છે દુનિયાને**
**મરણ આવે છે ત્યારે દુનિયાની આંખ ખુલે છે. શેખાદમ આબુવાલા.**

## । સજીવ ખેતીનું ભારતીય તત્ત્વજ્ઞાન, સિધ્ધાંતો અને ગુઢ રહસ્યો ।

આપણા અતિ પ્રાચીન હિન્દુ રાષ્ટ્રની કૃષિ પરંપરા આપણી ધરતી, વાયુ, વર્ષા તેમજ સમગ્ર પર્યાવરણને અનુરૂપ હતી. તે આપણી સંસ્કૃતિ, ધર્મ, પરંપરાઓ અને સ્વભાવને અનુકૂળ હતી. આપણી કૃષિ પધ્ધતિ પ્રકૃતિ તેમજ પર્યાવરણ રક્ષક હતી. તે જૈવિક વિવિધતા સાચવી રાખવાવાળી તેમજ સ્વાસ્થ્યવર્ધક અને આરોગ્યકારી હતી. તે શ્રમપ્રધાન તેમજ રોજગાર નિર્માણ કરવાવાળી હતી. તે ઓછી મૂડીથી વધારે ગુણવત્તા આપવાવાળી હતી. આપણી ખેતી ચિરંજીવ તેમજ અહિંસક તેમજ સર્વહિતકારી તેમજ પરોપકારી હતી.

આપણી કૃષિ એ ઋષિ કૃષિ હતી. તે વૈદિક કૃષિ હતી. તે સજીવ તેમજ નિરામય હતી. એ સૃષ્ટિ અને પ્રકૃતિનું સંતુલન કરનારી, તેમજ પ્રકૃતિનું દોહન કરનારી હતી. તેમાં સર્વોદયનું તત્ત્વજ્ઞાન સમાયેલું હતું. તેમાં સ્વાર્થ કરતાં પરમાર્થ વધારે હતો. આપણી પરંપરામાં કૃષિ એ યજ્ઞ કાર્ય હતું. ખેડૂત જગતનો તાત કહેવાતો. આપણી કૃષિમાં સર્વ જીવોનું કલ્યાણ સમાયેલું હતું. બીજાના ભોગે સ્વાર્થ નહીં પણ સર્વના હિતોની રક્ષા કરીને સ્વાર્થસાધના. આપણી કૃષિ, પ્રકૃતિ અને પર્યાવરણની સર્વ રીતે રક્ષા કરીને સર્વનું કલ્યાણ અને મંગલ કરનારી દૈવી કૃષિ પધ્ધતિ હતી. તેમાં શોષણ મુક્તિનો મંત્ર સમાયેલો છે. સજીવ ખેતી પ્રકૃતિ અને પરમેશ્વરની પૂજા છે, તે યજ્ઞ કાર્ય છે. કૃષિ એક પ્રકારની સાધના છે.

આપણી પ્રાચીન કૃષિ પધ્ધતિ એ કુદરત સાથે નિરંતર આદાન-પ્રદાન કરનારી તેમજ બધા પરિબળો વચ્ચે સમન્વય સાધીને એકબીજાને પૂરક બનીને સર્વ જીવ સૃષ્ટિનું રક્ષણની પ્રતિબધ્ધતા સાથેની એક સાધના છે. બહુજન હિતાય, બહુજન સુખાય એ એનો જીવન મંત્ર છે. 'સર્વે સુખીનઃ સંતુ, સર્વે સંતુ નિરામયઃ' એવું એક તત્ત્વજ્ઞાન એમાં સમાયેલું છે. તેમાં સમગ્ર સૃષ્ટિનું સંતુલન (ઈકોલોજી)નો મહામંત્ર ઉદ્‌ઘોષિત થાય છે. સમગ્ર બ્રહ્માંડમાં નિરંતર ચાલતી વિનિમય તેમજ સમન્વયની પ્રક્રિયાને તાલ, લયબધ્ધ કરીને સંગીતમય બનાવે છે.

જૈવિક સભર સૃષ્ટિનું જનત કરીને માનવીય શ્રમનો મહિમા વધારનારી પશુ આધારિત પરંપરા છે. આપણી પ્રાચીન કૃષિ પરંપરાનું કેન્દ્રબિંદુ ગૌમાતા હતી. તેના છાણ અને મૂત્રથી ધરતીમાતા સદાય તૃપ્ત અને પ્રસન્ન રહેતી તેના બદલામાં અમૃત જેવું અન્ન આપતી. જેનાથી માનવજીવન પુષ્ટ અને નિરામય બનતું. આવો આપણે સંકલ્પ કરીએ કે રાસાયણિક, યાંત્રિક તેમજ પર્યાવરણ ભક્ષક, પ્રકૃતિનું શોષણ કરનારી પશ્ચિમી હિંસક ખેતી, યાંત્રિક તેમજ રાસાયણિક ખેતીને છોડીને ગૌમાતા કેન્દ્રિત, પ્રાચીન ઋષિ કૃષિ એટલે કે સજીવ ખેતી, અહિંસક ખેતી, ચિરંજીવ ખેતી, પશુ આધારિત ખેતી, કુદરતી ખેતી, ભારતીય ખેતી અપનાવીને બળદોને ગ્રામદેવતાનું સ્થાન આપીને તથા ગૌમાતાને ગ્રામ્યદેવીનું સ્થાન આપીને ગોબર-ગૌમૂત્ર ક્રાંતિ કરીને ભારતમાતાને સુજલામ સુફલામ્ બનાવીને ભગવાન શ્રીકૃષ્ણના દેશને ગોકુળ બનાવીએ. એજ આપણો સ્વધર્મ, રાષ્ટ્રધર્મ, યુગધર્મ અને માનવધર્મ છે. - **લેખક ચીનુભાઈ ન. પટેલ (ગોરજ) પ્રથમ અધ્યક્ષ, ગોસેવા આયોગ, ગુજરાત સરકાર.**

## ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ ?

૧. ભારતીય ગાયના, દૂધ, દહીં, ઘીનો જ ઉપયોગ કરીએ.
૨. પંચગવ્યથી નિર્મિત દવાઓનો ઉપયોગ કરીએ.
૩. ગૌ આધારીત જૈવિક ખેતી અપનાવીએ.
૪. ગૌ આધારીત ગ્રામોદ્યોગની સ્થાપના કરીએ.
૫. એક પરિવાર થકી એક ગાયનું પાલન-પોષણ કરીએ.
૬. ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીએ.
૭. ગૌશાળા શરૂ કરવામાં નિમિત્ત બનીએ.
૮. ગૌ સારવાર કેન્દ્રો-હોસ્પિટલને મદદરૂપ થઈએ.
૯. માંગલિક કાર્યો અને શુભ અવસરો પર ગૌમાતા માટે મંગલનિધિ આપીએ.
૧૦.જન્મદિવસ, લગ્ન સંસ્કાર એવં અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ.
૧૧. દિકરીને એક ગાયનું દાન આપીએ.
૧૨. ગોપાલકોને આદર અને સન્માન આપીએ.
૧૩.ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીએ.
૧૪.દરરોજ ગૌમાતાના દર્શન કરીએ.
૧૫. વર્ષમાં એક વખત ગૌશાળાની મુલાકાત લઈએ.
૧૬. ગૌ ઉત્સવો જોર-શોરથી ઉજવવાની શરૂઆત કરીએ.
૧૭.ગૌસેવા અર્થે પ્રકાશિત થતી-પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ.
૧૮.ગૌરક્ષા, ગૌપાલન અને ગૌ સંવર્ધન સહિતના ગૌસેવાના તમામ કાર્યોમાં સહયોગ આપીએ.

## યોગદિન

૨૧ જુને ભારતમાં અને વિશ્વના ઘણા દેશોમાં યોગદિન ઉજવાઈ ગયો. ભારતના ઋષિઓની અમૂલ્ય વિરાસતથી વિશ્વ માહિતગાર થઈને નિજી જીવનમાં એનું આચરણ કરશે તો શાંતિ સંતોષ આનંદનો અનુભવ જરૂર થશે.

એક ચિત્ર એવું ઊભું થયું છે કે યોગ (શાસનો) શરીરના અનેક રોગોમાં મદદરૂપ થઈ શકે છે. કંઈક અંશે એ સાચુ પણ હોઈ શકે પણ આપણા ઋષિમુનિઓની દ્રષ્ટિ એ છે કે શરીર નિરોગી રહે પણ એનો મુખ્ય ઉપયોગ તો સ્વની ઓળખ માટે છે. માનવજીવનનું આ મુખ્ય કર્તવ્ય છે. એ વિષે ભાગ્યે જ ક્યાંય જણાવાય છે.

યોગના પાયાના નિયમમાં યમ-નિયમ છે. આ યમ નિયમ પાળીને આસનો થાય ત્યારે જ સાચી નિરોગીતા મળી શકે. શોષણ રહિત શુધ્ધ આજીવિકા એ યમ નિયમનો પાયાનો સિધ્ધાંત છે. એ વિના કદાચ બાહ્ય રોગો દૂર થશે. પણ સાચી નિરોગીતા આત્મ અનુભવ તો થઈ શકશે જ નહિ એ હંમેશા સહુ યાદ રાખે.

વડાપ્રધાનને ધન્યવાદ છે કે જગતને આનાથી વિશેષ માહિતગાર કરી દુનિયામાં યોગ વિષે જાગૃતિ ફેલાવી.

''સબકા સાથ-સબકા વિકાસ'' રાગધ્વેષ અજ્ઞાન રહિત થઈએ ત્યારે થાય એ વડાપ્રધાનને ખબર હશે જ. આપ વડાપ્રધાન છો. બધાના વિકાસમાં આપ સાથ આપો એ બધાને ગમે. સરકાર આપની હોય કે અન્યની હોય એ ગૌણ ગણી જે મુદાઓમાં આપનો તથા અન્ય પક્ષની સરકારોમાં સમાનતામાં હોય તેમાં સાથ આપવો એ અપેક્ષા ભારતની જનતા એક વડાપ્રધાન પાસે રાખે તો એ ખોટું નહિ હોય. આપ ભારતના વડાપ્રધાન પ્રથમ છો, પક્ષ પછી છે. 'સબકા સાથ સબકા વિકાસ' સૂત્ર સાચું છે પણ આ યોગ દિવસે યોગના પ્રેરક એ પોતાના જીવનમાં આચરી બતાવે તો જ એ સિધ્ધ થઈ શકે અન્યથા 'સ્વચ્છ ભારત' ઝુંબેશ જેમ આ પણ એક ગતકડું બની ન જાય તો સારું. **તંત્રી.**

## કવિતા

એકાંત મળ્યું છે સૂતો છું,આવીને અડચણ કરશો મા,
જ્યાં માંડ મળી બે પાંચ ઘડી, ગુંજારવ ગણ ગણ કરશો મા... એકાંત
ના હાર, ફળો, ફૂલ થાળ લખોમખ, રૂપિયા સોના ચાંદીના,
કાંઈ જ ખપે નૈ, ખૂબ રળ્યો, થાવું ના સેવક બાંદીના,
બહુ જોઈ સાયબી સમૃધ્ધિ, લપસાવે એવી લાલચ ધરશો મા... એકાંત
આ સ્થાનક છે સ્થિર થાવાનું, નહીં હાણ લાભ ગીત ગાવાનું,
હરખાવા, ના પસ્તાવાનું અહીં કરમ, ધરમ કે દાન મરમ
એવી ચર્ચાની ચોવટ કરશો મા... એકાંત
મળશે અહીં મૌન મહી મધુરી છલકાતી પ્યાલી પ્રેમ તણી,
દોરી ખેંચીને લઈ જાશે, પરખંદો આવી પરમ ભણી
જીવણની જાગૃત નગરીમાં, પાખંડી તર્પણ કરશો મા... એકાંત
એકાંત મળ્યું છે સૂતો છું, આવીને અડચણ કરશો મા.

**નિરંજન રાજ્યગુરૂ, આનંદ આશ્રમ પો.ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટની લાયબ્રેરીના દરવાજે આ ગીત લખાયેલ છે.**

## વજકોટમાં છીંડું

આફ્રિકાથી પાછા ફર્યા પછી અમદાવાદમાં પોતાના મિત્ર બૅરિસ્ટર જીવણલાલને ત્યાં ગાંધીજી ઊતર્યા હતા. અમદાવાદમાં જ આશ્રમ સ્થાપવાનો વિચાર મનમાં ઘોળાતો હતો. દેશસેવાની લડાઈનું સ્વરૂપ હજી મનમાં સ્પષ્ટ ઊપસ્યું ન હતું.

એક સાંજે જીવણલાલ ઘેર આવીને હસતા હસતા કહે : ગાંધી, તમારી તો કીર્તિ ચારે કોર પ્રસરવા માંડી!

પછી એમણે માંડીને વાત કરી : આજે મારા એક વકીલ મિત્ર મળ્યા. એલિસપુલ ઉપર ચાલતા ચાલતા આવતા હતા. આગળ બે જણા વાતો કરે. તેમાં એક હતો આપણો રસોઈયો. એ એના ભાઈબંધને કહે, અમારે ત્યાં એક આવ્યો છે કોઈક આફ્રિકાથી. દશબાર કેળાં એને નાસ્તામાં જોઈએ. આખો દિવસ બેસી રહે છે. કહે છે કે બૅરિસ્ટર છે. પણ કશું જ કામ કરતો નથી...લો, જોયું ને ગાંધી, અમે તો તમારી આબરૂ વધારવા માંડી! અને બૅરિસ્ટર મિત્ર સરળ ભાવે ખડખડાટ હસી રહ્યા. ગાંધી પણ એમાં ભળ્યા.

પણ પછી એકદમ ગંભીર થઈને કહે : એની વાત એક રીતે સાચી છે, હું કશું જ કામ કરતો નથી. પણ આ દિવસોમાં ક્ષણેક્ષણ હું શું કરી રહ્યો છું એ કહું ? જેમ કોઈ સેનાપતિ દુશ્મનના કોટ-કિલ્લાની સામે ઊભો ઊભો નિરંતર એ ચિંતવન કરી રહે કે આમાંથી કઈ કાંકરી ખેરવું, ક્યો પથ્થર ખેસવું તો ગાબડું પડે અને અંદર આખું લશ્કરનું લશ્કર ઘુસાડી દઉં - એમ હું પણ લગાતાર એ જ એક વાત ચિંતવી રહ્યો છું કે આ બ્રિટિશ સલ્તનતની સત્તાના વજકોટમાં ક્યાં છીંડું પાડું.

અને થોડા સમય પછી એલિસપુલ પાસેના જીવણલાલ બૅરિસ્ટરે આપેલ એમના મકાનમાં ગાંધીજીએ આશ્રમ શરૂ કર્યો.

## પત્રપ્રસાદી

૧. ગાયનું જે મહત્વ વૈદિક કાળમાં હતું તે પુનઃ લાવી શકાય તેવું રહ્યું નથી. કારણ કે પશુપાલન પ્રત્યેક ઘેર થતું તે રહ્યું નથી. આપણા આવાસમાં ગાયને રાખવાની કોઈ જગ્યા નથી. ભૂતકાળમાં પ્રવેશવાનું કોઈ દ્વાર નથી. જેથી એક સમયે ભોગવેલી ગરિમાને પુનઃ જિવિત કરી શકાતી નથી. એકે એક ગાયને સાચવવાની ક્ષમતા આપણામાં હોય તો જ ગોરક્ષા પૂર્ણપણે શક્ય છે. આશ્ચર્ય છે કે દૂધનો ઉપયોગ આપણે અનીવાર્યપણે કરતા હોવા છતાં પશુ પાળવા તૈયાર નથી. પશુપાલકો પણ દૂધના સ્વાર્થ પૂરતા ઢોરને રાખે છે આ એક વ્યવસાય છે. તેમનું ધ્યાન દૂધની આવકમાં છે. દૂધ દોઈને ઢોરને તગડી મુકે છે પછી ઢોર આખો દિવસ મહાનગરોમાં રખડે છે અને કચરામાંથી કંઈક મળશે એ આશાએ પ્લાસ્ટિકની કોથળી પણ ચાવી ખાય છે. દુઝણા ન હોય એવા ઢોરની દશા અતિદયનીય છે. શાબ્દિક જ્ઞાન અને શાબ્દિક ઝુંબેશ અર્થહીન છે. અન્ય ઢોરથી ગાયને અલગ ગણવાનું પણ તાર્કિક નથી. ઉપયોગી બધા જ પાળતુ જાનવરોને સમાન દૃષ્ટિથી જોવા જોઈએ. પરંતુ ઘાસના તણાખલા જેટલો બદલાવ લાવવો પણ મુશ્કેલ છે અને જ્યાંથી આવ્યા ત્યાં પાછા જવું પણ શક્ય નથી. **હરકિસન જોશી, વડાફળી, જામનગર–૧.**

## ગોમાંસ બંધીના વિરોધમાં કોંગ્રેસ કરશે સત્યાગ્રહ

૨. સમાચાર વાંચીને ચોંકી જવાયું. નથુરામ ગોડસેએ જીવતા ગાંધીજીની એક વખત હત્યા કરી હતી, જ્યારે તથાકથીત કોંગ્રેસી આગેવાનો મૃત ગાંધીજીને વટાવતા રહીને હરપળે હત્યા કરતા રહે તો કોણ વધુ કાતીલ ગણાય?

ગાંધીજીનું કથન ''સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી પ્રથમ કાર્ય એ હશે કે ગોવધ સદાને માટે ભારતભૂમિ પરથી વિદાય લેશે. અને ગોવધને હું મારો વધ સમજીશ.'' વિરૂધ્ધ પોતે ગોમાંસ ખાતા ન હોવાનું દર્શાવી ગોમાંસ ખાવાના અધિકાર માટે જે ખાવું હોય તે ખાવાની બંધારણે **''છૂટ''** આપી હોવાનું જણાવ્યું છે. છૂટનો અર્થ પરવાનગી આપી હોય તો છૂટ આપનાર તે રદ પણ કરી શકે છે... તેની સામે સત્યાગ્રહ!!! અધિકાર જાળવવા કે મેળવવા માટે સત્યાગ્રહ જરૂર કરી શકાય, પણ છૂટ મેળવવા માટે તો જીદ પણ ન કરાય. હાનિકારક દવાનો નિષેધ લાદી ન શકાય તેવું ન કહેવાય. જેથી રોગ સર્જક માંસાહાર કે ભારતીય સંસ્કૃતિનો લોપ કરનાર ગોવધ ઉપર ચૂંટાયેલી સરકાર પ્રતિબંધ મૂકે તેનો વિરોધ ન કરાય, બલકે આવકાર અપાય તે જ ઉચિત ગણાય. વિરોધ કરનાર નેતાજી ''રોગ સર્જક માંસાહાર''નું મારું પુસ્તક વાંચવા માંગતા હોય તો ભેટ આપવાની તૈયારી છે. ગોવધબંધી કોઈ રાજકીય મુદ્દો બનાવવાને બદલે ભારતીય અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા અને સંસ્કૃતિના મૂળાધાર તરીકે લક્ષમાં લેવાય તે જરૂરી છે. અધિકાર સ્વતંત્રતાનો હોય, સ્વચ્છંદતાનો ન હોઈ શકે. સત્યાગ્રહ સાત્ત્વિક સાર્વજનિક શ્રેય સાધવા માટે હોઈ શકે, હિંસા આધારીત ગોમાંસ આરોગવા માટે ન હોઈ શકે. વળી ગોવધ નિષેધનો વિરોધ કરવા માટે ''ગોમાંસ ઉત્સવ'' ઉજવાય તો તેની સાથે નૃત્યાંગનાનું નૃત્ય અને મદીરાની મહેફીલ નહીં હોય તો ઉત્સવ ફીક્કો લાગશે. કોન્સયન્સને કચડીને કોન્સીયસની ગુલામી નોતરવાનું બંધ થાય એ જ અભ્યર્થના. **વિનુભાઈ ગો. ગાંધી, જી/૩, સિધ્ધાર્થ કાળાનાળા, ભાવનગર-૧, દૂરભાષ નં.૦૨૭૮-૨૪૨૭૧૬૬.**

## તંત્રી સ્થાનેથી

૩. સંત ગોપાલદાસ, જીતેન્દ્ર તીવારી, શ્રી સંતબાલજી મ.સા.- આવા મહાનુભાવોની વ્યથા 'સરકાર' કોઈ કાળે નહીં સમજી શકે. આઝાદ ભારતની સરકારોએ ગાંધીજી, વિનોબાજી, જે.પી.નું સાંભળ્યું નથી તો બીજાનું તો સાંભળે જ શાના? હા ભગવાન જરૂર સાંભળશે.- **ચૌધરી લવજીભાઈ, મુ.પો.ગઢા-૩૮૪૦૦૧**

૪. દેશની સહુ પ્રથમ ગોબર બેંક આણંદમાં શરૂ થનાર છે. જેમાંથી બાયો ગેસ બનાવશે. જેમાં ખેડા જીલ્લાના ૪૦૦ ગામો લાભાન્વીત થશે અને આવક પ્રાપ્ત કરશે. અને તેના વેસ્ટનો ઉપયોગ સેન્દ્રીય ખાતર તરીકે કરવામાં આવનાર છે. આ બાયોગેસ પ્લાન્ટ પ્રાયવેટ પાર્ટનરશીપના ધોરણે શરૂ થનાર છે.

ગો-માતાના મહિમા અંગે ચેતના ગાલા જૈન સાધ્વીજીએ ભારતીય વાઙ્મય અને ગૌમાતાની ઉપયોગીતા વિષમ ઉપર સૌરાષ્ટ્ર યુનિ.માંથી Ph.d. ની પહલ પ્રાપ્ત કરેલ છે. હાલમાં રાજકોટ મુકામે ગોક્રાંતિ વિષયક પ્રવચનો સમમાંતરે ગોઠવાતાં રહે છે. કૃષિ સંસ્કૃતિની વાહક ગૌમાતાનો ગોમહિમા અને ગોમાહાત્મ્યનું વર્ણન તેમના નિબંધમાં કરેલ છે.- **નલ્લાદારૂ પો.બો.નં.૨૯૪, સુરત મો.૯૨૭૭૧૫૨૨૧૬.**

## સાચું વિજ્ઞાન અને સાચું આત્મજ્ઞાન

વસ્તુજગત અને આત્મા વાસ્તવમાં એક અને અખંડ અસ્તિત્વના બે અભિન્ન ભાગો કે છેડા છે. અન્યોન્યથી તદ્દન જુદા બે ટુકડાઓ નથી કે જેના વિશેના જ્ઞાનના એક બીજાથી સાવ જુદા બે ભાગો પાડી શકીએ. માટે સાચું વિજ્ઞાન અને સાચું આત્મજ્ઞાન પરસ્પર અભિન્ન રીતે જોડાયેલાં છે. અથવા તો કહીએ કે તાણાવાણાની જેમ એકબીજા સાથે વણાયેલાં છે. આત્મજ્ઞાનની ઉપેક્ષા કરનાર વિજ્ઞાન અને વિજ્ઞાનની ઉપેક્ષા કરનાર આત્મજ્ઞાન બંને એકાંગી, અધૂરાં તથા વાસ્તવિકતાથી દૂર લઈ જનારાં છે. સમસ્યાઓ, ભ્રમણાઓ તથા જોખમો વધારનારાં છે. જીવનની સર્વાંગી પ્રગતિ તથા પરિપૂર્ણતાને અવરોધનારાં, નીરસ અને નિષ્પ્રાણ છે.- **મહેશ ભટ્ટ, ભાવનગર-ભૂમિપુત્રમાંથી સાભાર.**

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સુધાબેન પંડ્યા | - વડોદરા | ૧૦૦/- |
| ૨. | મોહનભાઈ પંચાલ | - અમદાવાદ | ૧૦૦/- |
| ૩. | પૂર્ણિમાબેન | - નડીયાદ | ૧૦૦/- |
| ૪. | કિશોરભાઈ ધનજી | - ઘાટકોપર | ૨૦૦/- |
| ૫. | નરેન્દ્રભાઈ દોશી | - માટુંગા | ૯૦૦/- |
| ૬. | ચીનુભાઈ પટેલ | - અમદાવાદ | ૧૦૦૦/- |
| ૭. | ડો. શ્રીરામ સોની | - અમદાવાદ | ૧૦૦૦/- |
| ૮. | શાંતીલાલ ગાલા | - સાંતાક્રુઝ | ૧૦૦/- |
| ૯. | ફકીરા ખીમજી | -કચ્છ | ૧૦૦/- |
| ૧૦. | લીલાબેન | - ઘાટકોપર | ૨૦૦/- |

**નોંધ:** આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.

**ખાસ સુચના:** ગ્રાહક નંબર, નામ, પત્ર, SMS કે ફોન ધ્વારા જાણ કરવા વિનંતિ છે. મો.નં.**07506750251**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## ચમત્કાર

એક આઠ વર્ષની છોકરીએ તેના માતા-પિતાને તેના નાનાભાઈ વિષે વાતો કરતાં સાંભળ્યા અને જાણ્યું કે તેનો ભાઈ બહુ જ બીમાર છે અને તેઓ પાસે સારવાર માટે પૈસા બચ્યા નથી. તેઓ મોટા ઘરમાંથી નાના ઘરમાં રહેવા જવાનું વિચારી રહ્યાં હતા, કારણકે તેઓને ડૉક્ટરનું બીલ ચૂકવ્યા પછી મોટા ઘરમાં રહેવાનું પોસાય તેમ નહોતું. તેમના દીકરાને બહુ જ મોંઘી શસ્રક્રિયા જ બચાવી શકે તેમ હતી અને તેઓને પૈસા ઉધાર આપનાર પણ કોઈ જ નહોતું. તે છોકરીએ તેના પિતાને માતાને કહેતા સાંભળ્યા કે ‘હવે તો કોઈ ચમત્કાર જ તેમના દીકરાને બચાવી શકશે.’ આ સાંભળીને નાની છોકરી તેના બેડરૂમમાં દોડી ગઈ અને તેની ‘પિગીબૅન્ક’માં જે પરચૂરણ હતું તે કાઢીને ગણવા લાગી. ત્યારબાદ તે પાછલા દરવાજેથી પરચૂરણ લઈને નજીકની દવાની દુકાનમાં ગઈ, દુકાનદારે તેને પૂછ્યું ‘તને શું જોઈએ છે?’ છોકરીએ કહ્યું ‘મને મારા નાના ભાઈ માટે ચમત્કાર જોઈએ છે, તે ખૂબ જ માંદો છે.’ દુકાનદારે ફરી પૂછ્યું ‘શું કહ્યું?’ છોકરીએ કહ્યું ‘એનું નામ એન્ડ્રુઝ છે અને તેના માથામાં કોઈ મોટી બીમારી છે અને કોઈ ચમત્કાર જ તેને બચાવી શકે તેમ છે. તો ચમત્કારની કિંમત શું છે?’ દુકાનદારે કહ્યું ‘માફ કરજે પણ અમે અહીં ચમત્કાર વેચતા નથી’ છોકરીએ ફરી કહ્યું ‘સાંભળો, મારી પાસે થોડા પૈસા છે અને જો તે પૂરતાં ન હોય તો થોડાં બીજા લાવવાની કોશિશ કરું. તમે મને કહો કે ચમત્કાર કેટલામાં મળે?’ તે સમયે દુકાનમાં બીજા પણ એક સજ્જન ઊભા હતા. એણે છોકરીને પૂછ્યું ‘તને કઈ જાતનો ચમત્કાર તારા ભાઈ માટે જોઈએ છે?’ છોકરીએ કહ્યું ‘મને ખબર નથી, એ ખરેખર બીમાર છે અને મારી માતાએ કહ્યું કે મારા ભાઈને ઓપરેશન કરાવવું પડશે પણ મારા પિતા પાસે પૈસા નથી એટલે હું મારી બચતના પૈસા લઈને આવી છું.’ પેલા સજ્જને પૂછ્યું ‘તારી પાસે કેટલા પૈસા છે?’ છોકરીએ કહ્યું ‘એક ડૉલર અને ૧૧ સેન્ટ્સ, પણ હું થોડાં વધારે લાવવાની કોશિશ કરી શકું’ પેલા સજ્જને હસીને કહ્યું ‘શું યોગાનુયોગ છે, તારા નાના ભાઈના ચમત્કારની કિંમત પણ એક ડૉલર અને ૧૧ સેન્ટ્સ જ છે. પેલા સજ્જને એક હાથમાં પૈસા લીધા અને બીજા હાથે નાની છોકરીનો હાથ પકડી કહ્યું ‘મને તું તારા ઘરે લઈ જા. મારે તારા ભાઈ અને માતા-પિતાને મળવું છે. ચાલ જોઈએ, મારી પાસે તારા ભાઈને જોઈએ છે તેવો ચમત્કાર છે કે નહીં’. તે સજ્જનનું નામ હતું ડૉ. કાર્લટન આર્મસ્ટ્રૉંગ, જે મગજની શસ્રક્રિયાના નિષ્ણાત હતા. તેમણે કોઈ પણ ફી લીધા વિના બાળકનું ઑપરેશન કરી આપ્યું અને એન્ડ્રુઝ સાજો થઈ ઘરે પાછો આવી ગયો. તેની માતાએ કહ્યું ‘તે શસ્રક્રિયા ખરેખર એક ચમત્કાર હતો, ખબર નહીં એની કેટલી કિંમત હશે?’ ત્યારે પેલી નાની છોકરીએ હસીને કહ્યું ‘મને ખબર છે, તેની કિંમત છે એક ડૉલર અને ૧૧ સેન્ટ્સ.’

આ વાત એક ફ્રીજર પ્લાંટમાં કામ કરતા માણસની છે. તે દિવસે લગભગ રાત પડી ગઈ હતી. બધાં જ કારીગરો કામ પતાવીને ઘરે જવા નીકળી ગયા હતા. ત્યારબાદ પ્લાંટમાં કાંઈ તક્નિકી ખામી સર્જાઈ અને તે માણસે પ્લાંટમાં તપાસ કરવા ગયો અને જ્યારે તેનું કામ પૂરૂં થયું ત્યારે પ્લાંટના દરવાજા બંધ થઈ ગયા હતા અને લાઈટ્સ પણ બંધ થઈ ગઈ હતી.

ફ્રીજર પ્લાંટમાં તે માણસ લાઈટ અને હવા વિના જાણે બરફની ગુફામાં ફસાઈ ગયો હોય તેમ લાગતું હતું. ઘણાં કલાકો પસાર થઈ ગયા. અચાનક તેને દરવાજો ખોલવાનો અવાજ આવ્યો. શું તે ચમત્કાર હતો?

તેણે જોયું તો સિક્યુરિટી ગાર્ડ ટૉર્ચલાઈટ સાથે અંદર આવ્યો અને તે માણસને તેણે પ્લાંટમાંથી બહાર કાઢ્યો. બહાર નીકળી વખતે તેણે સિક્યુરિટી ગાર્ડને પૂછ્યું ‘તને કેવી રીતે ખબર પડી કે હું અંદર ફસાઈ ગયો છું? તને કોઈએ જણાવ્યું?’

ગાર્ડે કહ્યું ‘ના સર’ ત્યારપછી ગાર્ડે કહ્યું કે આ ‘પ્લાંટમાં ૫૦ માણસ કામ કરે છે, પરંતુ તેમાંથી તમે એક જ છો જે મને સવારે આવતી વખતે ‘હૅલો’ કહો છો અને સાંજે જતી વખતે ‘બાય’ કહો છો. તમે આજે સવારે મને ‘હૅલો’ કહ્યું હતું પણ સાંજે તમને જોયા નહીં એટલે મને શંકા ગઈ. તે માણસને ખબર ન હતી કે તેની આ નાની સરખી રોજની આદત એક દિવસ તેની જીંદગી બચાવશે.- **કિરીટ વી. મહેતા. સૌ. જન્મભૂમિ પ્રવાસી.**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ-૪૦૦ ૦૬૪.**
**મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧ થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,